# મોડાસામાં CDS બિપિન રાવતને શહેર ભાજપ મોરચાએ શ્રદ્ધાંજલિ અર્પી

મોડાસા,તા. ૧૨

મોડાસા ટાઉન હોલ ખાતે ભારતીય જનતા પાર્ટી મોડાસા શહેર ની કારોબારી બેઠક યોજાઇ જેમાં ઝરૂજી બિપિન રાવત ને પુષ્પાંજલિ તેમજ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું કાર્યક્રમ ની શરૂઆત કરી હતી મહામન્ત્રી જગદીશભાઈ ભાવસાર એ રાવતજી ની દેશ માટેના કરેલા કાર્યો વિષે ની માહિતી આપી હતી કારોબારી ના મુખ્ય અતિથિ ગુજરાત પ્રદેશ મંત્રી તથા અરવલ્લી જિલ્લા પ્રભારી શ્રી જયશ્રી બેન , અરવલ્લી જિલ્લા પ્રમુખ રાજુભાઇ પટેલ, જિલ્લા ના મહામંત્રી જગદીશભાઈ ભાવસાર, હસમુખ ભાઈ પટેલ , શહેરના પ્રમુખ રણધીર ચુડગર ચુડગર, મહામંત્રી તારક પટેલ, કિશોર જોશી નગરપાલિકા ઉપપ્રમુખ રાકેશભાઈ મહેતા તથા કારોબારી



સભ્યો તથા વિવિધ મોરચાના આગેવાનો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામન્ત્રી તારક પટેલ ધ્વરા કરવામાં આવ્યું હતું સ્વાગત પ્રવચન શહેર પ્રમુખ રણધીરભાઈ ચુડગર દ્વારા કરવામાં આવ્યું રાજકીય પ્રસ્તાવ હસમુખભાઈ પટેલ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો રાજેન્દ્રભાઈ પટેલ જિલ્લા અધ્યક્ષ શ્રીએ મુખ્ય વિષય આગામી દિવસોમાં ૧૩ મી ડીસેમ્બર ૨૦૨૧ ના રોજ કાશીમાં માનનીય શ્રી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી દ્વારા 'દિવ્યકાશી, ભવ્યકાશી' લોકાર્પણ કરવાના છે ત્યારે તે દિવસના ભવ્ય રીતે ઉજવી પોતાના વોર્ડમાં તેની ઉજવણી કરવી જે તે વિવિધ વોર્ડ માં ના કોર્પોરેટર, મોરચાના કાર્યકર્તાઓ તથા આગેવાનો શ્રી ઉપસ્થિત રહી તે દિવસને ભવ્ય બનાવો તથા તેની માટેની પૂર્વતૈયારી નુ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રભારી જયશ્રીબેન ધ્વરા હર ઘર દશતક ઘેર ઘેર રસી બાકી હોય તેવા લોકોને રસીકરણ માટે જણાવવા તેમજ મન કી બાત કાર્યક્રમ ની માહિતી આપી હતી છેલ્લે આભારવિધિ તારક પટેલ દ્વારા કરવામાં આવી હતી

# પૂર્વ સૈનિક કલ્યાણ સંઘ ગુજરાત દ્વારા બિપિન રાવતને શ્રદ્ધાંજલિ અપાઈ





પાલનપુર તા. ૧૨

પૂર્વ સૈનિક કલ્યાણ સંઘ ગુજરાત (બનાસકાંઠા) અને સરસ્વતી વિદ્યાસંકુલ પાલનપુર દ્વારા હેલિકોપ્ટર દુર્ઘટનામાં શહીદ થયેલા CDS બિપિનસિંહ રાવત તેમના ધર્મપત્ની અને અન્ય શહિદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ સૈનિક કલ્યાણ સંઘ-બનાસકાંઠાના પ્રમુખશ્રી જશવંતસિંહ પરમારે શ્રધ્ધાસુમન અર્પણ કરતા જણાવ્યું હતુ કે, દેશની ત્રણેય પાંખના વડા CDS શ્રી બિપીનસિંહ રાવતને દેશ સેવાની ભાવના માટે આપણે હંમેશા તેમને યાદ રાખીશું. સ્વ. બિપીનસિંહ રાવતે ૪૩ વર્ષ સુધી સેનામાં વિવિધ જવાબદારીઓ અદા કરી દેશની સેવા કરી છે. તેમના આકસ્મિક નિધનથી ભારતીય સેનાને ખૂબ મોટી ખોટ પડી છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના કરીએ. શ્રધ્ધા સુમન કાર્યક્રમમાં પૂર્વ સૈનિક કલ્યાણ સંઘના ઉપપ્રમુખ કિરીટભાઈ સોલંકી, એક્સ- આર્મીમેન શ્રી જશવંતસિંહ રહેવર, સરસ્વતી સ્કૂલના આચાર્યશ્રી અને વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જન્મદિને વધામણી



દેવકાંત અમૃતભાઈ સોની
પત્રકાર
ખેડબ્રહ્મા જીલ્લો
સાબરકાંઠા



આયુષી ડો. રવીન્દ્રભાઈ
પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ, જીલ્લો અરવલ્લી

# બનાસકાંઠામાં માનવ અધિકારોના રક્ષણ માટે આવેદનપત્ર અપાયું

પાલનપુર તા. ૧૨

આજે ૧૦મી ડિસેમ્બર એટલે વિશ્વ માનવ અધિકાર દિવસ. બનાસકાંઠા જિલ્લામાં આજે માનવ અધિકાર દિન નિમિત્તે જિલ્લાવાસીઓના માનવ અધિકારોના રક્ષણની માંગ સાથે ગ્રામ્ય અને શહેરી વિકાસ ફાઉન્ડેશન દ્વારા આજે જિલ્લા કલેકટર અને એસ.પી.ને પાલનપુર બાર એસોસિયેશનના પ્રમુખ એડવોકેટ ઈદ્રીશ પઠાણ અને સભ્યોએ આવેદનપત્ર અપાયું હતું.



બનાસકાંઠા જિલ્લામાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણીને લઈને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, લોકોમાં ભાઈચારો વધે, લોકોના માનવ અધિકારોની જાળવણી થાય તે હેતુથી ગ્રામ્ય અને શહેરી વિકાસ ફાઉન્ડેશન દ્વારા આજે પાલનપુર ખાતે જિલ્લા કલેકટર અને એસ.પી.ને આવેદનપત્ર અપાયું હતું. જેમાં ચૂંટણીમાં ફરજ બજાવનાર હોમગાર્ડ, શિક્ષકો સહિતના કર્મચારીઓને પૂરતી સુવિધા અપાય અને મહિલાઓ અને બાળકોના અધિકારોનું પણ રક્ષણ થાય તેવી માંગ કરાઈ હતી.

# છાપી પોલીસ દ્વારા એક કરોડ પંચાવન લાખ સોળ હજારના દારૂ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું

પાલનપુર તા. ૧૨

વડગામ તાલુકાના છાપી પોલીસની હદમાંથી છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન અલગ અલગ બ્રાન્ડ ના વિદેશી દારૂ તેમજ બિયર મળી કુલ બોટલ નંગ ૬૨,૫૨૫ કિં.રૂ. ૧ કરોડ પંચાવન લાખ સોળ હજાર રૂપિયાનો વિદેશી દારૂ છાપી સહિત જિલ્લાની વિવિધ પોલીસે ઝડપી પાડ્યો હતો ઝડપાયેલા વિદેશી દારૂનો શુક્રવારે



એસ.ડી.એમ. ગિલવા, એ.એસ.પી શુશીલ અગ્રવાલ, નશાબંધી ડી.વાય. એસ.પી ભાવિનભાઈ, છાપી પીએસઆઇ એસ.ડી.ચૌધરીની ઉપસ્થિતિમાં છાપી પોલીસ વિસ્તાર ના જ્યોતિનગર ખાતે કોદરાલી રોડ પર આવેલ ચરા વિસ્તારમાં પુરાતા પોલીસ બંદોબસ્ત સાથે છાપી પી.એસ.આઈ એસ.ડી.ચૌધરી અને આવેલા અધિકારીઓ ની હાજરીમાં દારૂના જથ્થા ઉપર બુલડોઝર ફેરવી નાશ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી..

## ભીલડી પોલીસે વહારા ગામની સીમમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપ્યો

**રૂ. ૨૬૦૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમની અટકાયત**

ડીસા,તા. ૧૨

ઉચ્ચ પોલીસ



અધિકારીઓના આદેશથી ભીલડી પીએસઆઇ આર. જે. ચૌધરી સ્ટાફ સાથે આગામી ગ્રામ પંચાયતની ચુંટ્ણી અનુસંધાને પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે વહારા ગામની સીમમાં રહેતા આરોપી રાહુલજી લેબુજી ઠાકોરને તેના ઘર આગળથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના પરપ્રાંતીય વિદેશી દારૂની નાની બોટલો નંગ- ૨૬૦ (કિં.રૂા. ૨૬૦૦૦ /-) ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની વિરૂધ્ધમાં ભીલડી પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો રજીસ્ટર કરી આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# ડીસાની શ્યામા સોની વકતૃત્વ સ્પર્ધામાં બનાસકાંઠા જિલ્લામા પ્રથમ ક્રમાંકે

ડીસા, તા. ૧૨

શિક્ષણ વિભાગ-ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર-બનાસકાંઠા આયોજિત "આઝાદીકા અમૃતમહોત્સવ" ની ઉજવણીના ભાગરૂપે વિવિધ સ્પર્ધાઓ અંતર્ગત કલાઉત્સવ ૨૦૨૧નું આયોજન થયું જેમા બનાસકાંઠા જિલ્લા કક્ષાના કલા ઉત્સવ ૨૦૨૧માં વકૃતવ સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં ડીસા અને આદર્શ હાઈસ્કૂલની વિદ્યાર્થીની શ્યામા વ્રજેશકુમાર સોની તેની



વાકછટા, વિષય,હાવભાવ અને સમયને આધારે તેને પ્રથમ ક્રમે વિજેતા થયેલ અને તેને જિલ્લા કલા ઉત્સવ કન્વીનર પી.એમ.બારડ તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુરના પ્રાચાર્ય ડૉ. એમ.જે.નોંગસ ના વરદ હસ્તે સુંદર મજાનું શિલ્ડ, સર્ટીફીકેટ અને ?૧૦૦૧/- રોકડા ઈનામ પેટે પ્રાપ્ત મળેલ અને તેને સતત વિજેતા થવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે સૌપ્રથમ તે આદર્શ હાઈસ્કુલના સ્કૂલ લેવલે પ્રથમ આવ્યા બાદ, દ્રફજી કક્ષાની તાલુકા લેવલની કક્ષા લેવલે પણ વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવી અને ૫૦૧ રૂપિયાનું ઈનામ જીત્યું અને આજે બનાસકાંઠા જિલ્લામા પ્રથમ આવીને આદર્શ હાઈસ્કૂલ અને ડીસાનું નામ રોશન કર્યું હતું અને સૌએ તેને ગુજરાત રાજ્યમાં પ્રથમ આવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી...

# પ્રાંતિજના સાંપડ-રામપુરાના ૪૨ વર્ષીય ઈસમે આપઘાત કર્યો

**હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં પાંચમાં માળેથી કર્યો આપઘાત : સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ પ્રાંતિજના રામપુરાના દર્દીએ આપઘાત કર્યો : ૧૦મી ડિસેમ્બરથી દર્દી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો હતો : પેટમાં દુખાવો હોવાને લઈને સારવાર અર્થે દાખલ થયો હતો**

પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સાંપડ-રામપુરા ના ૪૨ વર્ષીય ઈસમે રાત્રીના સમયે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ના પાંચ મા માળેથી નીચે પડતુ મુકીને આપઘાત કર્યો.



પ્રાંતિજ તાલુકાના સાંપડ-રામપુર ગામે રહેતા ૪૨ વર્ષીય ચંપકસિંહ ભાથીસિંહ રાઠોડ કે તારીખ-૧૦ ડિસેમ્બર ના રોજ સાંજના સમયે પેટ મા દુખાવા ને લઈ ને હિંમતનગર ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ મા દાખલ થયેલ હતો તો પહેલા પણ તેની ટીબી ની સારવાર હિંમતનગર સિવિલ હોસ્પિટલ મા જ થયેલ હતી તો સિવિલ હોસ્પિટલ ના પાંચ મા માળે ૬૧ નંબર ના વોર્ડ મા સારવાર લઈ રહેલ ચંપકસિંહ ભાથીસિંહ રાઠોડ રાત્રી ના દોઢ વાગ્યા ની આસપાસ વોર્ડ ની બહાર નિકળી સીડી પાસે ની બારી ખોલી કાચ તોડી પોતે બારી માંથી પડતુ મુકીને આપઘાત કર્યો હતો તો ઘટના ની જાણ સિવિલ મેનેજમેન્ટ ને થતા આ અંગેની જાણ પોલીસ ને કરવામા આવી હતી તો આપઘાત કરનાર દર્દી નો મૃતદેહ પોસ્ટમોર્ટમ રૂમમા ખસેડવામા આવ્યો હતો તો પોલીસે પણ અકસ્માતે ગુનોનોધી આગળ ની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુર ન્યુ બસ પોર્ટ પાસે બાઈક સવારને નડ્યો અકસ્માત

**અજાણ્યા વાહનની અડફેટે બાઇક સવાર પિતા-પુત્રને ઇજા**

પાલનપુર તા. ૧૨

પાલનપુરમાં ટ્રાફિકની વકરતી જતી સમસ્યા વચ્ચે છાશવારે વાહન ચાલકો વચ્ચે નજીવી તકરાર થવાની સાથે નજીવા અકસ્માતો પણ બનતા રહે છે. ત્યારે ન્યુ બસ પોર્ટ સામે એક અજાણ્યા વાહનની અડફેટે



બાઈક સવાર પિતા-પુત્રને ઈજા થતા તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા.

પાલનપુર ન્યુ બસ પોર્ટ સામે ટ્રાફિક જામ વચ્ચે કોઈ અજાણ્યા વાહનની અડફેટે બાઈક પડી જતા બાઈક સવાર પિતા-પુત્રને નજીવી ઈજા થતાં તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતને પગલે લોકોના ટોળાં ઉમટ્યા હતા.

## પાલનપુરમાં ટ્રક ઝાડ સાથે ટકરાતાં અકસ્માત

પાલનપુર તા. ૧૨

પાલનપુર શહેરમાં ટ્રાફિકની વિકટ સમસ્યા વચ્ચે દિનપ્રતિદિન નાના-મોટા અકસ્માતો થતા રહે છે. ત્યારે શહેરમાં જી.ડી.મોદી કોલેજ સામે એક આઈસર ટ્રક ડીવાઈડર પર ચઢી ઝાડ સાથે અથડાતા ટ્રકના ચાલકને ઈજા થઇ હતી. પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુર હાઈવે પર જી.ડી. મોદી કોલેજ સામે ટ્રકચાલકે કાબુ



ગુમાવતા ટ્રક ડીવાઈડર પર ચડી જઈ લીમડાના ઝાડ સાથે અથડાઈ હતી. જ્યાં ચાલકના બંને પગ ફસાઈ ગયા હતા. દરમિયાન એકત્ર થયેલા લોકોએ ભારે જહેમત બાદ ચાલકને બહાર કાઢ્યો હતો અને ૧૦૮ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

# ગ્રામ પંચાયત ચૂંટણીમાં દારૂની રેલમછેલ કરવા પ્રયત્નશીલ બુટલેગરો પર અરવલ્લી પોલીસની લગામ

**શામળાજી નજીક ટ્રકમાંથી ૬.૮૦ લાખનો દારૂ ઝડપ્યો**







મોડાસા, તા. ૧૨

ગ્રામ પંચાયતની ચૂંટણીઓને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુખિયા બનવા ઉમેદવારો શામ,દામ અને દંડની નીતિ અપનાવી રહ્યા છે દેશી-વિદેશી દારૂની રેલમછેલ કરી મતદારોને રીઝવવા સ્થાનિક બુટલેગરો સાથે ગોઠવણ કરી વિદેશી દારૂ સંગ્રહ કરી રહ્યા છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલાને અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાં દવા અને ઘરવખરીની આડમાં ઘુસાડાતો ૬.૮૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી બે ખેપિયાને દબોચી લીધા હતા ટ્રકમાં ભરેલ વિદેશી દારૂ વડોદરા બુટલેગરને ડીલેવરી કરવાનો હોવાનું શામળાજી પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હત. અરવલ્લી જિલ્લામાં દેશી વિદેશી દારૂના વેચાણ અને હેરાફેરીની પ્રવૃતિ વધી છે ત્યારે સ્થાનિક પોલીસ ઉપરાંત એજન્સીઓ પણ દારૂ વેચતા બુટલેગરોને પકડવા મથી રહી છે.શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ હાથધરાતા ટ્રકમાં વિદેશી દારૂની ખેપ થઇ રહી હોવાની બાતમી મળતા નાકાબંધી કરી બાતમી આધારિત ટ્રક આવતા અટકાવી તલાસી લેતા ટ્રકમાં દારૂ અને ઘરવખરી માલસામાનની આડમાં સંતાડેલ વિદેશી દારૂની ૭૯ બોટલ નંગ-૯૪૮ રૂ.૬.૮૦ લાખથી વધુનો શરાબ જપ્ત કરી ટ્રક ચાલક કીશન લીલુસિંહ રાજપૂત અને મનોહરલ અજનુંરામ ખત્રી (બંને,રહે.હરિયાણા) ને દબોચી લઈ ૩૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બંને ખેપિયાને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ટ્રકમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાન સુરજગઢના બુટલેગર જગદીશ બાગડવા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# કે.વી.એસ. કક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં ધારા ભાટીયા ડીસામાં નંબર વન

ડીસા, ૧૨

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કે.વી.એસ. કક્ષાનો તાલુકા કક્ષાની વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમા ડીસાની માધ્યમિક વિભાગની દરેક સ્કૂલોએ ભાગ લીધેલ હતો.જેમાં ડીસાની ધારા પ્રકાશકુમાર ભાટીયા પ્રથમ ક્રમાંકે રહેતાં તેને ૫૦૧ રૂપિયાનું ઈનામ પણ મળ્યું હતું. સૌપ્રથમ આ સ્પર્ધા શાળા લેવલે થઈ, જેમાં ઘણા



વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ નંબર મેળવ્યા બાદ તેની કે.વી.એસ. તાલુકા લેવલની સ્પર્ધા માટે તેની પસંદગી થઈ હતી. જે સ્પર્ધામા પણ ડીસાની દરેક સ્કૂલોએ ભાગ લીધો હતો અને દરેક વિદ્યાર્થીઓએ ખૂબ સારૂ પરફોર્મન્સ આપ્યું હતું. જેમાં વાકછટા, સમય, વિષયને અનુલક્ષીને માર્ક્સ આપવાના હતા. આદર્શ હાઈસ્કુલની વિદ્યાર્થીની ધારા ભાટીયાએ પ્રથમ ક્રમાંક હાંસલ કરી જીલ્લા લેવલની સ્પર્ધા માટે તેની પસંદગી થઈ છે.

## ચિત્રાસણી પાસેથી કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પાલનપુર તા. ૧૨

પાલનપુર તાલુકાના ચિત્રાસણી પાસેથી એલસીબી પોલીસે ક્રેટા ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા એલસીબી પી.આઇ એચ.પી.પરમાર અને પીએસઆઇ આર.જી.દેસાઈની સુચનાથી સ્ટાફના દિનેશભાઇ,નરપતસિંહ,દિગ્વિજયસિંહ સહીતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી કે, ક્રેટા ગાડી નંબર પ્ત્ન.૦૧.ઈદ્ર.૦૨૭૯ નો ચાલક પોતાના કબ્જા ભોગવટાની ક્રેટા ગાડીમાં ગેરકાયદેસર અને વગર પાસપરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ તથા બીયર લઈ આવી રહ્યો છે. જેથી પોલીસે ચિત્રાસણી નજીક વોચ ગોઠવી કારને ઝડપી લીધી હતી. અને કારમાંથી વિદેશી દારૂની બોટલ તેમજ બિયરના ટીન મળી નંગ -૬૪૫ કિં.રૂ.૧,૬૦,૫૪૫ નો મળી આવ્યો હતો.જેથી પોલીસે ગાડી સાથે કુલ મુદ્દામાલ રૂ.૭,૬૦,૫૪૫ કબજે કર્યો હતો.તેમજ કાર ચાલક કાર મુકી ભાગી જતા પોલીસે ચાલક સામે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.